શ્રી.

બાળલગ્ન નિષેધ બારમાસી.

રચી પ્રસિદ્ધ કર્યા.

કે. એસ. હાથી. (ભૂજ)

અને,

મહાશંકર વિ. લલ્લુભાઇ ભટ્ટ.

(સોખડાવાળા.)

મુ. સાવલી સ્ટેટ વડોદરા.

સંવત. ૧૯૫૩ ઇ. સ. ૧૮૯૭

श्री.

बाळलग्न निषेध बारमासी.

રચી પ્રસિદ્ધ કર્તા.

કે. એસ. હાથી. (ભુજ)

અને.

મહાશંકર વિ. લક્ષ્મીરામ ભટ્ટ.

(સોખડાવાળા).

સુબોધ સૂર્યોદય ઑફીસ અને વ્યાધિ વિદારણ ઔષધાલયના માસિક તથા જગદેવપરમાર, પતિપત્નિના ધર્મ, ગુજરાતી ગરૂડપુરાણ, ગુજરાતી મેઘદૂત વગેરેના લખનાર.

મુ- સાવલી સ્ટેટ વડોદરા.

— ——>○<———

સંવત. ૧૯૫૩ ઈ. સ. ૧૮૯૭

પહેલી આવૃત્તિ.

અમદાવાદ ગુજરાત ગેઝેટ પ્રેસ.
અને
પેટલાદ "પારસમણી" પ્રેસ.

અર્પણ પત્રિકા.

શ. ર. ત્રિલોકનાથ પરમાનંદ ભોળાભાઈ મુનશી.

મુ. ભરૂચ.

પ્રિયમિત્ર !

આપની ગુર્જર ગીરોત્તેજક લાગણીથી આપણે વિદ્યા વૃદ્ધિ પાછળ લીધેલા તન, મન, અને ધનના શ્રમથી આનંદ પામી તથા આપની અને મારી દૃઢ મિત્રતાની ગાંઠ વિશેષ સુદૃઢ કરવાને સારૂ આપને જે રીવાજ ઉપર અત્યંત ધિક્કાર છે તેવા "**બાળલગ્ન**" ના ઘાતકી ચાલનો નિષેધ કરવા સારૂ મારી અલ્પ શક્તિથી બહાર પાડેલુ આ "**બાળલગ્ન નિષેધ બારમાસી**" નામનું લઘુ પુસ્તક આપને સપ્રેમ અર્પણ કરી અત્યાનંદ પામું છું. તારીખ ૨૧ મી. જુન સને ૧૮૯૭ ડાયમંડ જ્યુબિલીમ્હોત્સવ સંવત ૧૯૫૩ મુ. વડોદરા

લી. પ્રેમાધિન.

મહાશંકર લલ્લુભાઈ ભટ્ટ. (સોખડાવાળા)
સુબોધ સૂર્યોદય ઓફિસ અને વ્યાધિ વિદારણ ઔષધાલયના માલિક.

આદ્યોદ્‌ગાર.

—:o:—

લઘુ પુસ્તકને દીર્ઘ પ્રસ્તાવનાની શી જરૂર? આ નાનકડી પોથીમાં એક બાળલગ્નથી કજોડાને ભોગ થઇ પડેલી બાળાના બારે માસ કેવા દુઃખમાં વિત્યા છે, તેની હકીકત સાદી વાણિમાં છે. બાળલગ્ન નિષેધ વિષે પ્રસ્તાવનામાં લખવા બેસીએ તો એક અન્ય પુસ્તક ભરાય. હાલ ઠામ ઠામ અને ગામ ગામ એ બાબત ચર્ચા થાયછે, અને જેમ વિદ્યા વધતી જશે તેમ તેનો અટકાવ પણ થતો જશે. તથાસ્તુ.

આ પુસ્તકનો કેટલોક ભાગ મારા મિત્ર **કે. એસ. હાથી** ભૂજ ઓપીઅમ ઇન્સ્પેક્ટરે તથા કેટલોક ભાગ મેં લખેલો છે; કવિતામય ગ્રંથ રચવાના પ્રયાસમાં આ મ્હારો પ્રથમ યત્ન છે અને તેથી તેમાં દોષ હોવાનો સંભવ છે; પણ જન સમુહનાં રીઢાં થઇ ગએલાં હૃદયમાં આ વૃત્તાંત્ત કાંઇક પણ અસર કરશે તો હું કૃતાર્થ થયો સમજીશ. તા. ૧લી એપ્રીલ સને ૧૮૯૭ મુ. સાવલી સ્ટેટ વડોદરા. ગુજરાત.

મહાશંકર વિ. લલ્લુભાઇ ભટ્ટ-

(સોખડા વાળા.)

૫૮૭૮

બાળલગ્ન નિષેધ બારમાસી.

મંગળાચરણ.

દોહરો.

બાળ પણામાં બાળને, પરણાવે માબાપ;
તેથી આ સંસારમાં, પામે કેવા તાપ. 1
દુઃખી થઇને ભવ ગયો, કહે કેવી રીત;
નાનપણે સબંધ ત્યાં, શી બંધાએ પ્રીત. ૨
તે વિષે એક દાખલો, મમ મિત્ર તરફથિ ખાસ;
ભુજ નગરથી આવતાં, બની ગયો ઉદાસ. ૩
તે મુજ મિત્રની કથનિનો, ચિતરૂં જેહ ચિતાર;
તેમાં સ્હાય થજે સદા, જય ! જય ! જગ કરતાર. ૪

મનહર.

મહા માયા પ્રભુ તારી, તેને ખોટી કેમ કહું,
શંકરને વિધિપણ, તે પ્રમાણે ચાલે છે;
લલ્લુભાઇ કેરો સુત, સદા તને સેવે તેથી;
ભવરૂપી સમુદ્રમાં, સારી રીતે મ્હાલે છે;
ટપોટપ માન, પાન, અને ખાન આવી મળે,
સારા મિત્રો સદ્‌ગુણી, આવી હાથ ઝાલે છે;
ખરા રે, ખરાબ જતા, દૂર તોબા પોકારીને,
વાલા પ્રભુ તુજ સેવા, દુઃખો સહુ ટાળે છે. ૧

દોહરો.

બે, ત્રણ, ચાર, અનુક્રમે, એક, એક, પછિ એક;
એએ તે પછી અક્ષરો, વાંચો રાખિ વિવેક. ૧
એવી રીતે વાંચતાં, નામજ નિકળે જેહ;
જગત નિયંતા નાથને, ફરિ ફરિ વંદે તેહ. ૨

—:*:—

ગ્રંથતાત્પર્ય.

મનહર.

કન્યા એક ન્હાની તેને, જ્ઞાતિ પૃથા જાણી કરી,
તેનાં મૂર્ખ માત તાતે,ફૂળ મ્હોટે દીધી છે;
બાળક હતો ત્યારે તો, ન્હોતી જાણતી તે મન,
"બાળકથી પરણાવી, મ્હને દુઃખી કીધી છે;"
પણ વયે પો,ચ્યા પછી, કહે મહાશંકર તે,
બોલી "બાળ લગ્ન રીત, કોણે માની સાચી છે?"
ત્હેને ત્હેવા પતિ સાથે, બારે માસ કે'વા વિતે,
ત્હેની હકીકત સર્વ, પદ્ય રૂપે લીધી છે. ૧

—:*:—

ગ્રંથારંભ

બાળલગ્નથી થએલા કજોડાએ, પીડાતી બાળાના
ઉદ્ગાર—

કારતક માસ.

દોહરો.

દીવાળી ગાળી ખરે, લેંયે હોળી સમાન;
કિશોર વયમાં કંથજી, શરીર તણી નવ સાન. ૧

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાગ.)

બાળપણે પરણાવે એની બાળકી,
મળે નહીં કાંઇ શરીરની શુદ્ધ સાનજો;
માળા* પ્હેરી કંકુ ચાંદ કપાળમાં,
રાજી થાતી ભવિષ્યનું નહિ ભાનજો;
બાળપણે પરણાવે એની બાળકી. ૧
આવ્યો કારતક કામનિયોના કામનો,
દેવદીવાળી શુદ અગિયારશ આજજો;
પૂનમ દીવાળી સમ વૈષ્ણવ પાળતા,
હૈયે હોળી નાથ શિશુ શિરતાજજો;
બાળપણે પરણાવે એની બાળકી. ૨
ચાર ઘડી દિન ચડતે ઉઠે આખલો,
પછો પછાડે પગ કજીયાનું કામજો;
આળોટતો ઓશરિયે થઈને આંગણે,
નિશાળે જાવાનું નવ લે નામજો. બાળપણે. ૩
અક્ષર એક ન પૂરો એને આવડે,
શિખામણ પર લક્ષ ધરે ન લગારજો;
સુંજ પુસ્તક દેખી ચરરર ચીરા કરે,
મારાં લાડ લડાવે શું ભરથારજો. બાળપણે. ૪
ના'વું ધો'વું સ્વપ્ને પણ સમજે નહિ,
ખસૂસ ખાવા રમવા કેરો ખ્યાલજો;
ચતુર કળી ચંપાનીહું ખીલવા ચહું,
બાળક ભમર ભલી લે શું ? સંભાળજો? બાળપણે. ૫
સેજે સૂતો બળેલ થઇ બેબાકળો,

---

* વરમાળા.

ઓશીકા પાંગતનું પણ નવ ભાનજો;
પરણીને પડખે સુવાના સ્વાદની,
વગર વયે તે કયાંથી લાવે સાનજો. બાળપણે. ૬
આવી પ્હેલે આણે પો'ર હું પ્રીતથી,
બાળક દીઠો પણ થાતી બલિહારજો;
ખરી ખુબીની ખબર નહિ મુજને હતી,
બાવે નિરખી જોતી હું ભરથારજો. બાળપણે. ૭
નવી જુવાની આવી મારા અંગમાં,
એક વરસમાં અતી તફાવત તેજ જો;
આશ ભરી સૂતી જઇ એની સોડમાં,
છતે કંથ કરડે એની એ સેજજો.
બાળપણે પરણાવે બેની બાળકી. ૮

દોહરો

કારતક કકળતાં ગયો; લેશ મળ્યું નહીં સુખ;
મહાશંકર લઘુ નાથથિ, બાળા પામે દુઃખ.

——:o:——

માગશર માસ.

દોહરો.

માગશરે મન માહરૂં, આકુળ વ્યાકુળ થાય;
બાળપણે બેટી તણો, કરશોમાં વિહવાય. ૧

રાગ ચાલતો.

માગશરે મારૂં મન અતી અકળાય છે,
શિશિર રૂતુનો સહન કરૂં સંતાપ જો;
બાળપણે પરણાવે જે નર બાળકી,

તેનાં પ્રગટે પૂર્વ જનમનાં પાપ જો,
બાળપણે પરણાવે બેની બાળકી. ૧
રાત પડંતાં રોજ ઘલાતો ગોદડે,
ટૂંટીયાં વાળી ઘોરે ઘસઘસાટ જો;
ઓચિંતાં અડતાં તો લાત ઉલાળતો,
ખારો લાગે સૂતાં મુજને ખાટ જો. બાળપણે૦ ૨
શિયાળો આવ્યો ને ટાઢ શીરૂ થઇ,
રાત થઈ મોટેરી લાગે મન જો;
બાળક હું પણ તેથી બાળક વાલમો,
રતિપતિ સતિ બાળે મારૂં તન જો. બાળપણે૦ ૩
સમજાવી સારો શાળામાં મોકલે,
પુસ્તક પાટી પણ નવ રાખે પાસજો;
મેહેતાજી માથુ કૂટી કૂટી મરે,
શિખામણ દે ખરી કરીને ખાસ જો; બાળપણે૦ ૪
હેતે વાત કરે નહિ કો સંગે ગળી,
સારી શીખામણ સુણી લાગે ઝેર જો;
વડ નિશાળિયો વાત કદી સારી કહે,
નફટ થઇ તે સાથે ગણતો વેર જો; બાળપણે૦ ૫
કજીયા વિણુ ન ખાલી દિ કોઈ જતો,
પાટી ભાંગે પુસ્તક ફાડે રોજ જો;
રજાના દિવસોમાં રાજી તે રહે,
મેહેતાજી માંદામાં જાણે મોજ જો; બાળપણે૦ ૬
નિશાળેથી ધુંધવાતો આવે ઘણો,
ગાળો દેતો ભ્રાત ભગિની માત જો;
તાત તણો કર અંકુશ એકજ વાલનો,
ઘડી એકમાં કરતો ભાંડુ ઘાત જો; બાળપણે૦ ૭
કોક દિવશ કારણુ વિણુ મુજને મારતો,

ઘડી ઘડીમાં ભાંડે ભુંડી ગાળજો;
સાસરીઆંની શરમે હું સાંખી રહું,
બહુ દુઃખી જે નારીનો વર બાળ જો;
બાળપણે પરણાવે એની બાળકી. ૮

દોહરો.

માગશર પણ મ્હા કષ્ટથિ, કાઢ્યાવેઠી દુઃખ;
કે' મહાશંકર લગ્ન ધણિ, ત્યાં શું પામે સુખ.

——:O:——

પોષમાસ.

દોહરો.

બીતે આવ્યો પોષ પણ, ઉરમારે અફશોસ;
વિધાતાજ વેરણ થઇ, કોને દેવો દોશ. ૧

રાગ ચાલતો.

પેલી સખીઓની પ્રીત કર્યાની પારખી,
ગાત પડે રતિ રમવાનું મન થાયજો;
સાંજ પડે મુજ સખિયો શણગારો સજે,
મારું તો જોબનિયું એળે જાય જો;
બાળ પણે પરણાવે એની બાળકી. ૧
રાત પડે પાથરણું ઝટ નવ પાથરું,
નાનું જાગે જરા વધારે વાર જો;
વાળુ કરતાં વેત પડે જયમ પોઢિયો,
સેજ સમાર્યાની ન કરે દરકારજો. બાળપણે૦ ૨
પ્હોર રાત્ર વીતે પરવારી કામથી,
ન્હાની નણંદને હીંચોળું ધરી હેત જો;

સેજ બિછાનું સાસૂ સસરા કારણે,
ચડું મેડિયે વિધ વિધ વસ્ત્ર સમેતજો. બાળપણે૦ ૩
ભરી કળશિયો દાદર ચઢતાં દેહમાં,
વધતા જાતા વિધ વિધ જાત વિકારજો;
થર થર ધ્રૂજે કાય અતીશે ટાઢથી,
બાળક સાથે સૂવાથી શો સાર જો; બાળપણે૦ ૪
સાસરિયાં સહુ મુજને તો સુખીણી ગણે,
હૈયાની હોળી તે ક્યમ પરખાય જો;
પ્હેરી ઓઢી સૈયર સાથે હું રમું,
(પણ) બાળ પતીની બળતર બાળે કાયજો; બાળપણે૦ ૫
માત પિતા મોટે ઘર દઈ રાજી થયાં,
પાલણિયામાં પરણાવી ધરી પ્રીત જો;
જોતાં જોતાં માંહિ જુવા જામી રહી,
રતિ પતિની નિર્દય દીઠી રીતજો; બાળપણે૦ ૬
માત પિતાને મન હું ન્હાની બાળકી,
દીકરડી ઉકરડા સમ લેખાય જો;
શોરો સુકાતી નાનો મુજ નાવલો,
કારણ તેનું કઇપેરેજ કળાયજો; બાળપણે૦ ૭
નણદી જેઠાણી નોખારી દેખતાં,
મૈયરમાં મ્હેણાં દેતી ભોજાઇ જો;
રાત દિવસ હું રોતાં કાઢું રાંકડી,
બાળ પતિ સતિ મહાન દિવસ દુઃખદાઇજો.
બાળ પણે પરણાવે બેની બાળકી. ૮

દોહરો.

પોષ માસ પૂરો થયો, સુખ મળ્યું નહીં લેશ;
બાળક નાથની કામનિ, કરે ઘણેરો ક્લેશ.

માઘ માસ.

દોહરો.

માઘે મન મારા તણું, સમાધાન શે થાય;
નિરખી ન્હાનો નાવલો,રોતાં રજની જાય. ૧

રાગ ચાલતો.

મ્હા મહીને હેરાન શિશીરે હું સખી,
શિરપર ઉગ્યાં દરખત દુઃખનાં દેખજો;
ટાઢ મકરનીમાં પણ કાંઇ મણા નહીં,
દારૂણ શીત પીએ લોહી મુજ લેખજો,
બાળપણે પરણાવે બેની બાળકી. ૧
સારાં લાગે શાલ દુશાલ શરીરને,
ડગલા દોટી પ્હેર્યાનું મન થાયજો;
હીરાગળ પર હોંસે હૈયું હીંસતુ,
ચોળિ ચરણિયે ચોંપે ચિતડું ચ્હાયજો; બાળપણે૦ ૨
ભોજન ખાસાં ગરમ ગરમ ખાવાં ગમે,
જઠરાગ્નીનું ઝાઝું વધતુ જોરજો;
લાડૂ ઉપર ઘી કેળાંના ઘૂંટડા,
ચતુર વિપ્રનાં ચિતડાં કેરા ચોરજો; બાળપણે૦ ૩
ભાત ભાતનાં ભોજન રાંધે ભાવથી,
પતિ પત્નીની જુગતે જુગતી જોડજો;
રોજ જમી રમતાં હ્રદયે રાજી થઇ,
કંથ કામીની પુરે પરસ્પર કોડ જો; બાળપણે૦ ૪
તેલ ફૂલેલ ધુપેલ અત્તરની અર્ચના,
રહે સુંવાળું સાફ સુગંધિ શરીર જો;
ઉગમણે પવને ચીરાતી ચામડી,

થર થર ધ્રૂજે કાય રહે નવ ચીર જો; બાળપણે૦ ૫
ખાસા પાન પેર્યાં ઓઢ્યા પર પ્રીતડી,
કામ વધારણ ચાવે મુખ તંબોળ જો;
શીરખ પટૂ ઓઢી સૂતાં સોડમાં,
બાળકની બૈયર શું કરે કલોલ જો; બાળપણે૦ ૬
મહા મહિનાની શીત અતી સંતાપતી,
સગડી તાપે વળે નહીં સંતોષ જો;
સ્વામી સોડ વિના શાથી શાંતી વળે,
કામ પીડથી હ્રદયે ભરિયો રોશ જો; બાળપણે૦ ૭
શિવરાત્રીની લાંબી શીતળ રાતડી,
રોમ રોમ કામાગ્ની બાળે કાય જો;
છતે પતી હું છાની પીડા પામતી,
એમ શિયાળો હારણુ દુઃખમાં જાય જો.
બાળપણે પરણાવે એની બાળકી. બાળપણે૦ ૮

દોહરો.

મહા માસ મહા મોહનને, રોઇ રોઇ દિન રાત;
મહા કષ્ટ વડે કાઢિયો, પામી નહિ સુખ શાત.

———:o:———

ફાગણ માસ.

દોહરો.

ફાગણ ફુલ્યો ફુલડે, વાગો ફગવાને ફાગ;
જુવતી જુવાન વરવિના, વેઠે દુઃખ અથાગ.

રાગ ચાલતો.

ફાગણ ફુલ્યો ફુલ ઘણુંરે ફાંકડો,

હોળાષ્ટકમાં હોંશે બોલે ફાગજો;
વસંત વ્હાલી લાગે ભોગ વિલાસને,
ગાય હળિ મળિ હોંશે હોળી ફાગજો;
બાળપણે પરણાવે બેની બાળકી.
છોકરવાદી નાથ હજી નહીં છોડતો,
છાણું ચોરે કરે અતિ ઉદમાત જો;
ગારો ગેરૂ ધૂળે રંગે અંગને,
સાથે સૂતાં સૂગ ચડે સાક્ષાતજો; બાળપણે૦ ૨
રાતે રોજ રઝળવા જાતો રાઢિયો,
ભૂંડાળી ગાળો ભણવાનો ભાવજો;
ચૌટે ચકલે ચડી કરે કજીયા ઘણા,
રાંક તનૂજો કરવા આવે રાવજો; બાળપણે૦ ૩
હોળી પુનમને દિન થાય હમેશ છે,
બે અદબી રમતે માને મોટાઇજો;
એમ અનીતિ આટલી વયથી આદરે,
છકેલ છોડે માની નવ મૂર્ખાઇજો; બાળપણે૦ ૪
સૈયર સૌ સ્વામી સાથે રંગે રમે,
ખાન પાન ને ગાન મહી ગુલતાનજો;
નાનેરી હું તેથી ન્હાનો નાવલો;
વ્હાલાનું ઘર વસે મને વેરાનજો; બાળપણે૦ ૫
સાસરીઆં સારાંમાં મન ઓઠે નહીં,
મૈયરમાં નવ માને મા ને બાપજો;
અંતરની બળતર તે અવર ન ઓળખે,
ટાળ્યો ન ટળે તનડાં કેરો તાપજો; બાળપણે૦ ૬
ટાઢ ટળી આખર ઉન્હાળો આવિયો,
બાગ બગીચે વનમાં ફૂલ્યાં વૃક્ષ જો;

ગરજ રગતઇ શીરજની કમતી થઇ,
પીડા પંડે વધી પડીજ પ્રત્યક્ષજો; બાળપણે. ૭
ફૂલ ડોળને દરશન સૌ સાથે જતાં,
નરનારી જન બગત ભરાણી ભીડજો;
કાઢી લાજ નિહાળે સૌ નિજ નાથને,
કોણ ન જાણે પંડ તણી મુજ પીડજો;
બાળપણે પરણાવે બેની બાળકી. ૮

દોહરો.

ફાગણમાં ફાવી નહી, બાળક ધણિની નાર;
આંસુ ધારા પાડીને, કરે દીન પોકાર.

——:*:——

ચૈત્ર માસ.

દોહરો.

ચતર આવ્યો ચાહિને, દુ:ખડાં દેવાકાજ.
દિલ દુગ્યાથી દાઝતુ, છોકરડો શિરતાજ. ૧

રાગ ચાલતો.

ચૈતરમાં ચૈતરકું કરતું સાસરે,
નાથ નફટ ત્યાં શી કરવી સુખ આશજો;
હલકું લોહી ગણી હાંસી કરતાં હશે,
વધે ઘણો મન મારાનો કંકાસજો;
બાળપણે પરણાવે બેની બાળકી. ૧
રામ જયંતીનો દિન અતિ રળિયામણો,
અભિજિત નક્ષત્રે આરતિયો થાયજો;
દરશન કરવા હું સાસૂ સંગે જતી,

જોઇ મેડની ઉલટું મન અકળાયજો; બાળપણે૦ ૨
ચૈતરમાં ચિત્ત બળતુ મારૂં ચોગણું,
જળ ભરવા જાતાં પનઘટની વાટજો;
વખાણ વાલમનાં વિસ્તારી વર્ણવે,
તાળી લેતાં થાય ઉર ઉચાટજો; બાળપણે૦ ૩
આ ગડિને અબળાઓ અલૂણું ખાયછે,
વિપ્રો વાંચે ઓખાનો વૃત્તાંતજો;
ઉતાવળ ઓખાએ પીયુ કાજે કરી,
મન માન્યો પામી પ્રીતે થઇ શાંતજો; બાળપણે૦ ૪
પાલણિએથી પામી છોકરો પીયુ,
બકાલાંકેરો એમાં પણ શો વાંકજો;
નાતે પાડ્યો પ્રથમ પ્રથા તે પાળવો,
અવગું કરતાં ઉલટો આડો આંકજો; બાળપણે૦ ૫
આંબા વૃક્ષો મોર્યા મરવા બેશિયા
કોકિલ શબ્દો પડે કુંજમાં કાનજો;
ચંપા ચંમેલી જુઇ જાઇ મોગરો,
નવ પલ્લવ તરૂ પુષ્પ પત્ર ફળ ફૂલજો;
કંથ છતાં કળાનર વેઠું છું કારમી.
દુઃખથી સારૂં શિર કરવું આડુલજો બાળપણે. ૬
સૂકાં વૃક્ષો કૂંપળ કાઢી શોભતાં,
જાણે પામ્યાં નવી જુવાની જોરજો;
તાપે માપ કરી નિજ સત્તા આદરી,
અવર થકી અંતરની પીડા ઓરજો;
બાળ પણે પરણાવે બેની બાળકી. ૭

દોહરો.

ચૈત્ર વિચોત્ર પણે ગયો, દીઠું ન સુખ લગાર;
બાળક ધણિ નિજ જોઇને, રૂદનજ કરે અપાર.

વૈશાખ માસ.

દોહરો.

આશા ઓછી ના થઇ, હૃદય થાય અભિલાખ
વારં વાર વિમાસતાં, મળ્યો માસ વૈસાખ. ૧

રાગ ચાલતો.

વૈશાખે વન વૃક્ષ ફળ્યાં ને ફાલીઆં,
વસંત કેરો વેગે થયો વિનાશજો;
તડકે તન તપતુ જાણે તાતી કડા,
બાળક બુદ્ધી હિબુ તણી શી આશજો;
બાળપણે પરણાવે એની બાળકી.
વાવલિયાં વાયા વેગે વંટોળિયા,
રેતીનો રણ વગડામાં વરસાદ જો;
વંટોળે વીંટાતો વ્હાલો આતમા,
બહુ ધીરજ આખર થાશે બરબાદ જો; બાળપણે. ૨
દાડમ દ્રાક્ષાદી મેવા મન માનતા,
આંબે લાગી અગણિત ઉત્તમ શાખ જો;
ઉર આંબા રસ પીનારો છે પોરિયો,
હૃદય બળીને થાય ખરેખર ખાખજો; બાળપણે. ૩
કોમળ અંગ તપે સૂરજના તાપથી,
અંતર ભડકા ઉઠે રોજ અનેક જો;
એવડી ગરમી વપૂ વિશે બળતી રહે,
વ્હાલાં વચમાં રાખુ માંડ વિવેક જો; બાળપણે. ૪
રજની ટુંકી દિવસ અતી લાંબા થયા,
દિલના દુઃખની કયાં જઇ કરવી વાત જો;
ઉગંતામાં દુઃખ આવાં આવી પડયાં,

એકાંતે જઇ કરતી આંસૂ પાતજો. બાળપણે. ૫
લૂની લ્હેરો ઉર મારૂં અકળાવતી,
સાંજ પડેને શીતળ વાયૂ વાયજો;
વાળાની ટટ્ટી વિંજ્જવાનો વાપરે,
સુગંધ સારીથી મુજ મન મુઝાયજો. બાળપણે. ૬
અજવાળી અક્ષય ત્રતિયા આવી સખી,
કંથ કનકવા ઉરાડે ધરિ કોડજો;
થાક્યો પાક્યો સૂઇ રહે સમી સાંજમાં,
શું સુખ પામું સૂતાં તેની સોડજો. બાળપણે. ૭
ગાળ્યો મેં વૈશાખ વિપત્તિ વેઠતાં,
પિયુ પડખામાં નાવે નિંદ્રા નેણજો;
દિવસ રાત્ર દુઃખીને લાગે દોહ્યલાં
કામાગ્નીતો કેવળ છે દુઃખ દેણજો.
બાળપણે પરણાવે ન્હેની બાળકી. બાળપણે. ૮

દોહરો.

વૈશાખ શાખાથિ ગયો, પો'તી નહિ મન આશ;
મહાશંકર એ બાળકી, થાએ ઘણી ઉદાશ.

—:*:—

જેષ્ટ માસ.

દોહરો.

સાત માસ રોતાં ગયા, ઠેકાણું વિણ દેહ;
અકળાવતાં ઉતાવળે, જુગતે આવ્યો જેઠ.

રાગ ચાલતી.

જેઠ પધાર્યે જેઠાણી રાજી થશે,

દેગણીના દિલની મટે ન દાઝજો;
મારા બારમો બીજા આણાનો થયો,
રોજે ઊગી આથમતો રવિ રાજજો;
બાળપણે પરણાવે બહેની બાળકી. ૧
નહિ ધોઈને કરૂં નિર્જળા નેહથી,
ભીમ અગીયારસનો ભડ મહિમાયજો;
મન કરૂં મોટો થાવા મુજ નાવલો,
કરૂં જાગરણ રોજ નહીં સુખ થાયજો. બાળપણે ૨
હોજ ફૂવારા સાફ નીરના શોભતા,
તાપ વળી લૂ કહે અગારૂં કામજો;
અંતરની અગ્ની તો અહો નિશ બાળતી,
ઉકળાટ ઉપરથી કરતો ધામજો. બાળપણે ૩
ધરા તપે તન ધગ ધગતુ મારૂં રહે,
વિજોગણીનાં વળી લઉં દ્રષ્ટાંતજો;
દેખું દાઝુ એ દુઃખ બાળે બેવડી,
મન મૂઝાણી કરૂં કહાં કલ્પાંતજો. બાળપણે ૪
દિવસો દ્રગથી ભયંકર ભાસે ઘણા,
છે નાવલો એવી આજ અનાથજો;
લિખવાથી વિશેષ દુઃખણી હું થઇ,
પાસે સૂતો ધરે ન હૈયે હાથજો. બાળપણે ૫
સખિ સુખ શુણી હૈ નવ રહેતી ધીરજો
જળ ભરવા સખી સાથે હું વાતે જતી,
રોઇ રોઇ સૂકાયાં પાણી આંખનાં;
વિના મેઘ મુજ નજુદી કેરા નીરજો. બાળપણે ૬
ચાંચડ માંકડ મચ્છર પણ વેરે વઢે,
પડખામાં પિયૂ પડ્યો પજાડે શાંતજો;

જોર જુવાની ઉછળતું મુજ અંગમાં,
બાળકને મૂરખ વરની શી વાતજો. બાળપણે

દોહરો.

જેઠ ગયો પણુ પેટની, લ્હાય થઇ નહીં શાંત;
બાળા એ બાકળિ ફરે, થયો ન લાયક કાંત.

અષાડ માસ.

દોહરો.

આઠ માસ એળે ગયા, ઉગ્યાં દુઃખના ઝાડ,
ઉન્હાળો વીતી ગયો, આવ્યો માસ અશાડ. ૧

રાગ ચાલતો.

કામણગારો માસ અશાડો આવિયો,
વર્ષ નવાનો [1]પ્રથમ દિવસ પરખાયજો;
જોડાં વિણુની જુવતિ તે ઝુરી મરે,
રાત દિવસ રંડાપાજેવા જાયજો. બાળપણે. ૧
માસ અષાડો આવ્યો મારે આંગણે,
ઘોર ઘટાથી ગગન થયો ઘનઘોર જો;
વીજ વળાકા ચૌદિશ ચમકે ચો ઘણુ,
મનહર સ્વર ટહુકાર કરેછે મોરજો.. બાળપણે. ૨
અજવાળી આનંદિ બીજ અષાડની,
કોઈ ખાતાં ઘી કેળાંને ખાંડ જો;
નાવલિયો ન્હાનેરો પરણો પાલણે,
દાઝ દબાતું દિલની દિલમાં માંડજો. બાળપણે. ૩

---

1 કચ્છમાં અશાડથી નવું વર્ષ ગણાય છે.

સુરજ અસ્ત થતાં ઉંધી રહે આળસુ,
પડખું ફેરવવાની આશા ફોકજો;
પંડમારે પોતીકે પણ પૂરૂં નહિ,
અતી શરીરે ઉલટી પામું શોકજો. બાળપણે. ૪
શુક્લ પક્ષની રજની શુભ સોહામણી.
તાપી સાતમનો આવ્યો તહેવાર જો;
ઝીલમાં ટોળી દેવદર્શને સહુ જતાં,
પોઢાર દિન ચંદ્ર ટાઢે મુજ ભરથારજો. બાળપણે. ૫
સોળ વરસની સુંદરિ સરખી હું સખી,
પાંચ વરસપર પરણાવી મા બાપ જો;
વેદ વરશનો નહાનો ત્યારે નાવલો,
નવ પૂરાંનો આજ આપો આપજો. બાળપણે. ૬
નાતે જાતે સખી સમાણીમાં જતાં,
થાય વિમાસાણ સુણતાં સૈયર વાતજો;
એક કહે ચોંપ્યો ચોરીમાં હાથ મેં,
બીજી કહે મેં નખ માર્યો સાક્ષાત જો. બાળપણે ૭
પરણ્યા કેરી પળ મુજને નવ સાંભરે,
વાત વિચારૂ વિવ્હાની મન માંયજો;
બાળાનુ મૂરત મુજને નવ સાંભરે,
એમ અષાડે સુખ ન દીઠું કાંયજો;
બાળપણે પરણાવે એની બાળકી.

દોહરો.

અશાડે અખાડા કિધા, બાળા બની નિરાશ;
મેદનિ પતિ આવી મળ્યો, તોય ન પો'ચી આશ.

—:*:—

શ્રાવણ માસ

દોહરો.

બાળ પણામાં બાળકી પરણી બાળ ભરથાર;
શ્રાવણ શીતળ શરાડાં મુગ્ધા મન અંગાર.

(રાગ ચાલતો.)

દીવાસો આવ્યો દુઃખ વેઠી ગાળિયો,
શ્રાવણમાં શુભ દિવસોનો સંયોગજો;
પર્વ પરવણી પેખી પીડા પામતી,
બાળક વર રૂપી મમ હૃદયે રોગજો;
બાળ પણે પરણાવે એની બાળકી. બાળપણે. ૧
શીળ સાતમનો મેળો સાંજ સવારનો,
શણગારી શોભીતી દરશન જાઉંજો;
પોરિયા બેગો પેખી ન્હાનો નાવલો,
સામો મળતાં સૈયર સાથ લજાઉંજો; બાળપણે. ૨
ગેડિ દડો કે ગંજીફો હેરી લઇ,
નાચે કૂદે રેતીમાં રોળાયજો;
રાત દીવસ રમવામાં રાજી તે રહે,
ભણ્યા ગણ્યાનું ભાન જરી ન જણાયજો, બાળપણે. ૩
મુશળ ધારા મેઘ પડે મન માનતા,
ધરા ધરણી ધમકે લીલે રંગજો;
બાળ અભણ સમજે શું મોસમ મોજમાં,
વિરહાગ્નિથી બળે કનૈયાં અંગજો; બાળપણે ૪
બારે બુદ્ધી પામે સઘળી બાળકી,
વિશે ખીલે વપૂ તણાં શુભ વાનજો;
પરણ્યા કેરી કરી પરીક્ષા કોડથી,

સુખી થવાની આવે સઘળી સાનજો; બાળપણે ૫
સાસરિયામાં શાનાં સુખડાં સાંપડે,
મૈયરમાં પણ ગોઠે નહી મુજ મનજો;
તાણી તુશી હૈયું રાખું હાથમાં,
વાતે વાતે થર થર ધ્રૂજે તનજો; બાળપણે ૬
નાતે જાતે સખી સમાણીમાં જતાં,
બળી મરૂં હું શુણુતાં સઘળી વાતજો;
હાથી વાળો મળતાં ચાંપ્યો હાથને,
બીજી કે'શે નખ માર્યો સાક્ષાતજો. બાળપણે. ૭
જોડ જોડાણી રોજ રમે રાજી થઇ,
મારે હૈયે બાવળીઆ અંગારજો;
ન્હાન પણે પરણાવી ન્હાનો નાવલો,
હુંરે સમજણી અણુ સમજુ ભરથારજો;
બાળપણે પરણાવે બેની બાળકી. ૮

દોહરો.

શ્રાવણુ સરવડાં કરી, થઈ ગયોજ પસાર;
બાળ કંથ કામનિ તણો, નવ સુધર્યો સંસાર.

ભાદરવો માસ.

દોહરો.

ભાદરવો આવ્યો ભલો, રમે મળી નરનાર;
બાળપણે પરણાવિયો, બાળક મુજ ભરથાર.

રાગ ચાલતો.

ભાદરવો આવ્યો ભરજોબન બાળતો,

ધરા ધમૂકે લાયક લીલે રંગજો;
નૂતન કુસુમ કળિઓ તત્પર ખીલતા,
ભુક્તા ભ્રમરવિના અકળાતુ અંગજો;
બાળપણે પરણાવે બેની બાળકી. ૧
શુક્લ પક્ષેતો થાય પચુસણ જૈનનાં,
શણગારી નારી સારી શોભાયજો;
હેતે હેરે વરને લટકે લાજમાં,
બાળક નરથી મન મારૂ મૂઝાયજો; બાળપણે ૨
બીજા પખમાં બેની સોળ સરાધિયાં,
જમે જમાડે સગાં પરસ્પર ઘેરજો;
બ્રાહ્મણ વચને પાય પડું હું પિંડને,
આનંદે ઉર તજી વસાવ્યું વેરજો; બાળપણે. ૩
ભાદરવે નવનાથ જતો નિશાળમાં;
ભણ્યા ગણ્યાનું ન મળે જરિયે ભાનજો;
પૂછે કોઇ ઉદયે આવી એકડો,
સાચા જૂઠા જવાબની નહીં સાનજો; બાળપણે. ૪
પૂછે તાત પલાકાં પૂરણ પ્રીતથી,
ઇશારાપર કહે નજર પોચાડજો;
પોતે બેઠો ઓઠીંગણ દઈ બારણે,
એછક ફેરો જવાબદેય કમાડજો; બાળપણે. ૫
ફરતાં ફોરાં પડતાં જો વરસાદનાં,
ધાન્ય અને ખડ પાકયાં ખેતર માંયજો;
બાર વરસમાં બુદ્ધિ પામે બાળકો,
નાવલિયામાં અરે ન દીસે કાંયજો, બાળપણે ૬
રોજ સવારે ઉઠી રોતો નાવલો,
નેહથી નવ જાય કદી નીશાળજો;

અડધો નાગો ઓસરિમાં આળોટતો,
શીખામણુના બોલ શુણી દે ગાળજો; બાળપણે. ૭
શીરામણુ શીરાવે રોજ સવારમાં,
આડો અવળો રસલે આળસ અંગજો,
ભણુવાપર નવ ભાવ રતી ભર રાખતો,
શું સુખ પામું સખી રહીને સંગજે;
બાળપણે પરણુાવે એની બાળકી. ૮

દોહરો.

ભાદરવો બલિભાતથી, દુઃખે કર્યો પસાર;
તોપણુ કામનિ કંથથી, નહિ સુખી બનિ લગાર.

—:*:—

આસો માસ.

દોહરો.

આસો આવ્યો હે સખી, આશાનો નહીં અંત,
નવ દુર્ગાને હું નમું, ચતુર બને મુજ ચંત. ૧

[રાગ ચાલતો.]

આસો માસે આવ્યાં નૌતમ નોરતાં,
ગોરી ગાતી ગરબા ઘેરેઘેરજો;
ચોસઠ બેનો રમતી ચાચર ચોકમાં,
મારૂ મન નવ ઠરે એકે ઠેરજો;
બાળપણે પરણુાવી એની બાળકી. ૧
નવ દિન નવ દુરગાનાં નામ ગવાય છે,
રજની થાતાં સજની સર્વે સાથજો.
સ્નેહી સંબંધીને સદને શોભતાં,

રંભા રમતી ગુઢી પરસ્પર હાથજો. બાળપણે ૨
ચોંપે ચંડી પાઠ ભણાતા ભાવથી,
આનંદે આપે આહૂતી આપજો;
શ્રીફળને શણગારી હવને હોમતાં,
સ્તુતી કરૂં હું હરવા મુજ સંતાપજો બાળપણે ૩
દેખ દશેરા દિવસ સમડી પૂજ્યા તણો,
રંક અને રાજા, ઉર અતિ આનંદજો;
સાસરિયાં વહુ વારૂ જમવા નોતરે,
કંથ કિશોરની કામની કિસ્મત મંદજો; બાળપણે. ૪
સૈયર મુજ શણગારી જાતી સાસરે,
નેહ નવોઢા મનનો નવિન જણાયજો;
મન સિંધુમાં મનમથ મોજા ઊછળે,
મોજા મમ મન કેરા કેમ સમાયજો. બાળપણે. ૫
દીવાળી ભાળી રઢિયાળી ઢુંકડી,
ધોળી ભીંતો ઘર અજવાળે નારજો;
ઓપાવી આભૂષણ ગંઠાવે ઘણાં;
પ્રીતે પે'રી રીઝવવા ભરથારજો; બાળપણે ૬
ધનતેરશ ધનવંત ગરિબ સૌને ગમે,
કાળીચૌદશ માતાનો મહિમાયજો;
આંખલડી અણીયાળી આંજે સાંજની,
રોઇ રોઈ નેણાં મારાં રાતાં થાયજો; બાળપણે. ૭
દીવાળી દીન ભોજન જમતાં ભાવતાં,
આતશબાજી રોશનિ રંગ અપારજો,
રજની રમતો કંથ સમીપે કામની;
દીવાળી હોળી બાળક ભરથારજો;
બાળપણે પરણાવે એની બાળકી.

દોહરો.

આશો આશાએ ગયો, તોય એહનું એહ;
બાળ કંથની કામનિ, દુ:ખજ વેડે દેહ.

——:*:——

અધિક માસ.

દોહરો.

બાર માસ બળને ગયા પહોતી નહીં મન આશ,
વિધાતરી વેરણ થઇ દુકાળ અધિકો માસ. ૧

(રાગ ચાલતો)

માસ અધિકની વિનતી મારી સાંભળો,
બાળલગ્નનો ચલવ્યો જોણે ચાલજો;
દુહિતાનાં દુ:ખ જોઈ દિલે નહીં દાઝતા,
થાય બાળકી બળી બળી બે હાલજો; બાળપણે૦ ૧
જનની જણતાં શાને ઝેર ન આપીયુ,
બાળપણામાં બાંધ્યો બાળક સંગજો;
પરણ્યા કેરી રીત જરી નવ સાંભરે,
જુવાનીમાં વ્હાલ્મિ બાળે અંગજો; બાળપણે૦ ૨
પુત્રી જનમે પરવશ થાવા કારણે,
માત તાત કરી મોટો દીર્ધ વિચારજો;
જન્મારાની ગાંઠ જોઇને જોડવી,
વગર વિચારે બગડે બહુ સંસારજો; બાળપણે૦ ૩
સમ વય જોતા જોડ કજોડું કાઢવા,
દીકરડીતો ઉકરડો લેખાયજો;
પામે પુરૂષ જુવાની વીશ પચીશમાં,
બૈરી ત્યારે જણવા જોગ જણાયજો; બાળપણે૦ ૪

મુનીવરનો અંતર જો રાખ્યો હશે,
ભાવ ધરીને ભોગવશે ઘર વાસજો;
સુખ દુઃખ ભોગવશે સ્નેહે સાથે રહી,
વિપત્તીમાં પણ થાશે નહીં નિરાશજો; બાળપણે૦ ૫
પિયર માંહી બાળકને પરણી પાધરી,
જીવ ન ઠેરે જરાય ઘર કે બારજો;
ભાઈ અને ભોજાઈ મેણાં મારતાં,
પુત્રી કેરો પરવાર્યો સંસારજો; બાળપણે૦ ૬
નીશાશા નાંખે દુહિતા. દુઃખ વેઠતી,
પગ પગ પડતુ માત પિતાને પાપજો;
દીપક લઈ ડાહ્યા ખાડામાં ઉતરે,
પલ પલમાં પુત્રીદે સો સો શ્રાપજો; બાળપણે. ૭
બ્હાદુર બાળલગનની રીતી બાળજો,
સેજ બગાડો સુતા તણો સંસારજો;
કુચાલ કાઢી નાંખો સજ્જન સૈ મળી,
દુર થઇ દુઃખ રીઝે જગ કરતારજો; બાળપણે૦ ૮

દોહરો.

અધિક માસ અધિકો ગયો, કામનિ બની નિરાશ;
ધિક! ધિક! ધિક! આ ચાલથી, ત્રાશ! ત્રાશે! હરિ ત્રાશ!

દેશીઓને ભલામણ.

———:*:———

"ગરબી."

ચાલો તમે ચાલ ઘણી રૂડી. એ રાગ.

મૂકોરે તમે બાળલગ્ન મમતા,

શરીર વિષે રાખો સમતા;　　મૂકોરે તમે　(ટેક)
તમે સમજ્યા વિણુ સંતાનો,
વરાવીને નાંનાં શું સુખ માનો;　　મૂકોરે૦　૧
સ્વભાવ મળ્યા વિણુવિર બેનો,
ખાશે તાલ કેમ કરી તેનો;　　મૂકોરે૦　૨
ઘણો ધમરોળ મચે ઘરમાં,
વધે વ્યભિચાર નારી નરમાં;　　મૂકોરે૦　૩
વારે વારે વેદ જૂઓ વારે,
કરો નહિ બાળલગ્ન કયારે;　　મૂકોરે૦　૪
પવિત્ર એછે પુસ્તક રૂડું,
ભાખે નહિ આપણું કદિ ભુંડું;　　મૂકોરે૦　૫
બહુ દુઃખ તે તેથી બતલાવે,
મના કરી મિત્રો અટકાવે;　　મૂકોરે૦　૬
ઉમેદથી વેદ તે જો જોશો,
બાળો ભેદ ખેદ તે સહુ ખોશો;　　મૂકોરે૦　૭
તગે તેની આજ્ઞા સહુ તોડો,
થશે તેથી શું ગુનો થોડો;　　મૂકોરે૦　૮
સહ સ્મૃતિ આપણી એ રીતે,
વારે વારે પોકારે પ્રીત્યે;　　મૂકોરે૦　૯
નીતિશાસ્ત્રના કહેછે નીત્યે,
રોજે ચાલો શાસ્ત્ર તણી રીતે;　　મૂકોરે૦　૧૦
અસલ આવી રીતે જો જોઇએ,
કર્યાં નથી બાળલગ્ન કોઇએ;　　મૂકોરે૦　૧૧
ઘટે બુદ્ધિ બાળલગ્ન લીધે,
કશો ફાયદો નથી તે કીધે;　　મૂકોરે૦　૧૨
અસલના મૂરખ સમ આજે,

પંડિત નહી હાલ તણા રાજે;　　　મૂકોરે૦ ૧૩
કારણ તેનૂ મૂળ કશું કહીએ,
એતો બાળલગ્ન અરે ! લહીએ;　　　મૂકોરે. ૧૪
શિખામણ જો શીખો સંધી,
કરો બસ ! બાળલગ્ન બંધી;　　　મૂકોરે૦ ૫

" ગરબી "

[રાગ] તમેરે નંદજી ગોકુળ સંચરોરે.

બાળલગ્નથી બહુ દુઃખ થાય છેરે,
તોય ના ચેતો દેશી ચિત્તજો;
જગ મધ્યેથી આબરૂ જાય છેરે,
પણ કયમ તે પર લાવો પ્રીતજો.　　　બાળ૦ ૧
જંગલિ માફકનીજ જક ઝાલીનેરે,
અડયા છો ચીલા× વચે આપજો;
અડચણ અડીતો શું નહિ ઉડવુંરેઃ ?
જુગતે આપો દેશિ જવાબજો.　　　બાળ૦ ૨
બુરા ચાલરૂપી બીજા બહુરે,
દેશ વિષે પેઠાના રોગજો;
બાળલગન બડિ ચાંદી કાળજેરે,
નહિ રૂઝે તો મળશે ભોગજો.　　　બાળ૦ ૩
ઘાંચી બેલની [1]માફક ઘેંનમાંરે,
તાણો તરિકું પણ નથિ ભાનજો;
પાટા છોડો પણ અજ્ઞાનનારે,
જુવો તમારૂ જે થયું જાન[2]જો.　　　બાળ૦ ૪
સુખ સ્વપ્ને નહિ તો નહિ સાંપડેરે,

× ગાડાનો ચીલો— ઘરેડ ૧ બળદ— ૨ નુકશાન.

કેવળ બનશે નિત્ય કંકાસજો;
લજ્જા ઘટશે તે થકી લોકમાંરે,
હસિ નર નારી કરશે હાસ્યજો. બાળ. ૫
બાળલગનથી બાળક બાળમાંરે,
જ્યારે નાનપણે ઝપટાયજો;
પૂરણ ભણતર સર્વ ભણ્યા વિનારે,
પૈસો પેદા ક્યાંથી થાયજો. બાળ૦ ૬
દેખો ચાલ ન એજ દેશમાંરે,
કેવો લોક વિષે કસ વિરજો;
પૂર વિયા. પેખોને પ્રીતથીરે,
સુંદર કેવાં સાફ શરીરજો. બાળ. ૭
માટે નર નારી માનો તમેરે,
ચડપ કરો બંધજ એ ચાલજો;
વધશે સુખ, શોભાને આબરૂરે,
બહુ બહુ આશિષ દેશે બાળજો. બાળ૦ ૮

ગીતિ.

થાયે આ સંસારે, બાળલગનથી મ્હોળાં નુકશાનો;
જાતે તો અનુભવિયે, શિશુ માટે કેમ દયા નહિ આણો ? ૧
લ્હાવો લેવા જાતાં, લ્હાય બાળકો મોટપણે લે છે;
સંસાર અસાર ગણિને, જનમસુધી અવધિ દુઃખો સ્હેછે. ૨
નિરબળ, અલ્પાયુષી, નિરધન, નિરવિર, ચબાવલા જેવાં;
વિદ્યા, વિત્ત, વિનાનાં, **બાળલગનથી** શિશુ થાયે કેવાં? ૩
માટે શિશુ શુભેચ્છકો વિનતિ ઉરમાં અમારી આ ધારો;
મહાશંકર કહેછે, બાળો ! બાળો ! **બાળલગન** ધારો. ૪

પૂર્વ દેશના રહેનાર, ઉત્તર હિંદુસ્થાનીઓ' ભૈયા.

સમાપ્ત.